## જન્મદિને વધામણી



જયેશ પંચોલી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯



દક્ષા ભરત પંડ્યા
મો. ૯૮૯૮૬ ૩૦૫૨૯



મુકુન્દ ભટ્ટ
મો. ૯૮૯૮૨ ૭૯૦૭૯



પ્રેમ યમરાજ પંડ્યા
ફોન : ૨૩૨૩૩૦૬૭



નિધિ અશ્વિનકુમાર પંડ્યા

# ઉમાશંકર જોશીની જન્મજયંતી ઉલ્લાસથી ઉજવાઈ



**મ દે ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા**

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે ૨૧ જુલાઈ ૨૦૧૮ના દિવસે કવિ ઉમાશંકર જોશી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે ઉમાશંકર જોશીના જીવન કવન સંદર્ભે દસ્તાવેજી ફિલ્મ બતાવવામાં આવી હતી. ગુજરાતી વિષયના ત્રીજા અને પાંચમાં સત્રના વિદ્યાર્થીઓ સુનીતા કટારા, મૃકુટી પટેલ, દેવજી ગોહિલ, અલ્કેશ ગાયકવાડ, કિશન વસાવા, યામિની અમીન, ધવલ રાઠોડ, કમલેશ ધૂમ - ઉમાશંકર જોશીના વિવિધ કાવ્યોનું પઠન કરીને પોતાના શબ્દોમાં આસ્વાદ કરાવ્યો હતો. ગુજરાતીના અધ્યાપક કનુભાઈ વસાવાએ ઉમાશંકરના જીવનના પ્રસંગોની રજૂઆત કરીને ' ગાણું અધૂરું મેલ્ય મા' કાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો. અધ્યાપક ધ્વનિલ પારેખે ઉમાશંકર જોશીનો ગૂજરાત વિદ્યાપીઠ સાથે કેવો નાતો રહ્યો હતો એની પ્રસંગ સહ રજૂઆત કરી હતી.

ઉમાશંકર જોશી જન્મજયંતીની ઉજવણીના આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન ધ્વનિલ પારેખે કર્યું હતું.

**શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ**

શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે આયોજિત ઉજવણીના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કલોલ કૉલેજના ગુજરાતી વિષયના પ્રૉફેસર અમૃતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉમાશંકર જોશીના જીવન, કવન, તેમના સાહિત્યપ્રદાન, પ્રવાસ અને તેમણે મેળવેલી સિદ્ધિઓ વિશે જ્ઞાનસભર વાતો કરી હતી. વિદ્યાર્થિનીઓને ઉમાશંકર જોશીના જીવન આધારિત ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

સંસ્થાનાં ગુજરાતી વિષયનાં અધ્યાપક અયનાબેન પટેલે ઉમાશંકર જોશીના નાટક 'હવેલી' અંગે પ્રાસ્તાવિકચર્ચા કરી હતી. તાલીમાર્થી બહેનોએ ઉમાશંકર જોશી રચિત સુંદર રચનાઓનું ગાન કર્યું હતું.

આચાર્ય સુરેખાબેન ચૌધરીએ અતિથિનો પરિચય આપ્યો હતો અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ સાથે કવિ રચિત પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

# એસ. વી. શાળામાં ઉજવાયો કાર્ટૂન ડે



સર્વ વિલદ્યાય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં શનિવારે કાર્ટૂન ડે ઉજવવામાં આવ્યો હતો. ટોમ એન્ડ જેરી, ડોરેમોન, છોટા ભીમ, મોટુ પતલુ વગેરે અનેક પ્રકારના કાર્ટૂનનાં વસ્ત્રો પરિધાન કરી, બાળકોએ શાળાના વાતાવરણને આનંદ અને મસ્તીથી છલકાવી દીધું હતું.બાળકોને પ્રોજેક્ટરની મદદથી ટોમ એન્ડ જેરી ફિલ્મ બતાવવામાં આવી હતી, જે જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા હતા. વાલીઓએ બાળકો સાથે કાર્ટૂનના સ્ટિકર, ચાર્ટ અને માસ્ક મોકલી ઉત્સાહથી પોતાનો સહયોગ આપ્યો હતો. આ તબક્કે શાળાના ઉત્સાહી શિક્ષિકા ભાવિકા ઠાકર અને ખુશ્બુ મિસ્ત્રીના માર્ગદર્શન નીચે તૈયાર કરવામાં આવેલી 'કાર્ટૂન રેસ' નામની રમત બાળકોને રમાડવામાં આવી હતી, જેને બાળકોએ મન ભરીને માણી હતી.

# તપોવન સંશોધન કેન્દ્ર ખાતે વિવિધ રોગો અંગે જાગૃતિ



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ચાલતા તપોવન સંશોધન કેન્દ્રમાં આવતાં સગર્ભા બહેનોને મલેરિયા, ડેન્ગ્યૂ તથા ચિકનગુનિયા વિશે વિગતવાર સમજ આપવા માટે તાજેતરમાં જિલ્લા મલેરિયા અધિકારી મમતાબેન દત્તાણી ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે મચ્છરની ઉત્પત્તિ, કરડવાનો સમય, કરડવાની પદ્ધતિ, તેનાં લક્ષણો તથા તેનાથી બચવાના ઉપાયો વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. બહેનોના પ્રશ્નોના તેમણે સંતોષકારક અને વૈજ્ઞાનિક ઢબે ઉત્તરો પણ પાઠવ્યા હતા.

# મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે વાલીમીટિંગનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૧

સૅક્ટર-૧૬ ખાતે કાર્યરત મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના વાર્ષિક સમયપત્રક, ગણવેશ, આહાર, વિદ્યાર્થીઓ માટે વાલીએ કરવાના તથા પ્રયત્નો અંગે વાલીઓને વિગતે જાણકારી આપવામાં આવી હતી. ૯થી ૧૫ વર્ષની વયનાં બાળકોને ઓરી અને રૂબેલાની રસી આપવા અંગેના કાર્યક્રમની મૌખિક જાણ પણ વાલીઓને કરવામાં આવી હતી.

## વ્હૉટ્સઍપ દ્વારા ફેક ન્યૂઝ રોકવા નવું ફિચર લૉન્ચ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૧

ફેક ન્યૂઝ વિરુદ્ધ સતત અભિયાન ચાલુ રાખીને વ્હોટ્સ એપે ફેક ન્યુઝને રોકવા માટે નવું ફિચર ટેસ્ટ લોન્ચ કર્યું છે. સોશિયલ મીડિયા એપ ફોરવર્ડ મેસેજ પર લિમિટ લગાવવાનું વિચારે છે. આ ફિચર અંતર્ગત ફોરવર્ડ કરાયેલા મેસેજ પર ફોરવર્ડનું લેબલ લાગેલું હશે અને તમે કોઈ પણ મેસેજ, ફોટો કે વીડિયો બસ પાંચ વખત જ ફોરવર્ડ કરી શકશે..

મીડિયા રિપોર્ટસ અનુસાર, ભારતમાં વ્હોટ્સ એપ ચેટ્સની લિમિટ પાંચ વખત જ રાખવામાં આવી રહી છે. જો તમે પાંચ વખતથી વધુ કોઈ મેસેજ કે વીડિયો ફોરવર્ડ કરવાની કોશિશ કરશો તો વ્હોટ્સ એપ ફોરવર્ડ બટનને ડિસેબલ કરી દેશે.

વ્હોટ્સ એપે એક બ્લોગપોસ્ટમાં કહ્યું છે, 'આજે અમે ફોરવર્ડિંગ લિમિટ ફિચરનો ટેસ્ટ શરૂ કરી રહ્યા છીએ. આ તમામ વ્હોટ્સ એપ યુઝરો પર લાગુ થશે. ભારતમાં જ્યાં લોકો સૌથી વધુ મેસેજ કે મીડિયા ફોરવર્ડ કરે છે તેમાં અમે ફોરવર્ડિંગ લિમિટ પણ રાખેલી છે. યુઝર્સ બસ પાંચ વાર જ કોઈ મેસેજ ફોરવર્ડ કરી શકશે. તેના પછી અમે એ મેસેજ માટે ફોરવર્ડ બટન હટાવી દઈશું.'

વ્હોટ્સ એપે કહ્યું હતું કે તેનાથી એ સુનિશ્ચિત થશે કે આ પ્લેટફોર્મ પ્રાઈવેટ મેસેજિંગ એપ બની રહે અને ખોટા સમાચારો ન ફેલાય. વ્હોટ્સ એપે આ ફિચર ચાલુ પણ કરી દીધું છે. તેના અંતર્ગત ફોરવર્ડ કરાયેલા મેસેજ પર 'ફોરવર્ડેડ'નું લેબલ લાગેલું હશે. વ્હોટ્સ એપને લાગે છે કે તેના યુઝર્સમાં એ વાત અંગે જાગૃતિ આવશે કે તેમની પાસે આવેલો મેસેજ સેન્ડરે લખ્યો છે કે ફોરવર્ડ કરાયેલો છે અને તેમાં કેટલી સચ્ચાઈ છે. જેનાથી લોકો આ મેસેજિસની સાથે થોડી સાવધાની રાખશે.'

હાલમાં જ સરકારે વ્હોટ્સ એપ સહિત સોશિયલ મીડિયા સાઈટ્સને ફેક સમાચાર ફેલાવતા મેસેજિસ પર લગામ મૂકવા માટે આદેશ આપ્યો હતો, જેને ધ્યાને લઈ વોટ્સએપે આ પગલું ભર્યું છે.

# ઍસ કે પટેલ સ્કૂલમાં પેપર પ્લેટ કાર્યક્રમ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ કે પટેલ શાળામાં પેપર પ્લેટ કાર્યક્રમ ઉજવાયો હતો. શિક્ષકો અને બાળકોએ સાથે મળીને પેપર પ્લેટથી ફિશ, અમ્બ્રેલા જેવી વિવિધ વસ્તુઓ તૈયાર કરી હતી.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ચિત્રસ્પર્ધા યોજવામાં આવી



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે 'પેઈન્ટ યોર આઈડિયાઝ' વિષયે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સુંદર પ્રતિસાદ આ સ્પર્ધાને મળ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા આચાર્ય તથા સ્ટાફમિત્રો સતત તેમની સાથે રહ્યા હતા. નિર્ણાયક તરીકે મીનાબેન આર પટેલ, બીનાબેન એન ત્રિવેદી, દીપાબેન એસ સુખડિયા અને પ્રિયાબેન એમ ત્રિવેદીએ પોતાના અમૂલ્ય સમયનું યોગદાન આપીને પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

## કાર્યવાહી યોગ્ય રીતે થઈ રહી છે : રાજ્ય સરકાર દ્વારા હાઈકૉર્ટને ખાતરી આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

ઍસટી જ્ઞાતિના શંકાસ્પદ સર્ટિફિકેટના આધારે ઍમબીબીઍસ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા અરજી કરનાર વિદ્યાર્થીઓના સર્ટિફિકેટની ચકાસણી કરવાની દાદ માગતી રિટ પિટિશનમાં રાજ્ય સરકારે હાઈકોર્ટને જણાવ્યું હતું કે,'સરકારે સર્ટિફિકેટ્સની ચકાસણી માટે પાંચ ઝોનમાં વિજિલન્સ સેલની રચના કરી છે અને યોગ્ય રીતે સમગ્ર કાર્યવાહી થઈ રહી છે.' ચીફ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ. પંચોલીની ખંડપીઠે આ મામલે રાજ્ય સરકારને તેમની રજૂઆતો સોગંદનામા મારફતે કરવાનો આદેશ કરીને રિટની વધુ સુનાવણી આગામી ગુરુવારે મુકરર કરી છે.

# ગાંધીનગરમાં આજથી થિયેટર વર્કશૉપ

## ૧૨ વર્ષથી વધુ વયના વ્યક્તિઓ ભાગ લઈ શકશે : આઠ દિવસીય વર્કશૉપ માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી

ગાંધીનગર, તા. ૨૧

થીયેટર એ માત્ર નાટકનો શો નથી, પરંતુ પ્રસ્તુતિ પેહલા કરવામાં આવતી તૈયારીઓને કારણે, જીવતું-જાગતું એક અજાણ્યું જૂથ છે. જયારે લોકો ૩ કલાકની ફિલ્મ અથવા નાટક જોવે છે ત્યારે એમને એમ થાય છે કે, આ તો બહુ સેહલું છે. પણ પ્રેક્ષકોને એ ખબર નથી હોતી કે એની પાછળ કેટલી બધી તૈયારીઓ કર્યા પછી આ નાટકની ભજવણી થઈ શકે છે અને એમાંથી ઘણાને આવા નાટકમાં ભાગ લેવાની ઈચ્છા પણ થાય છે.

નાટક કેવી રીતે કરાય? શું વાંચવું જોઈએ? પાત્રમાં કેવી રીતે ઢળાવવું? આ બધાજ પ્રશ્નો, જેને નાટક કરવું હોય છે એને ક્યારેક તો થાય જ છે, અને જેના જવાબો માત્ર નાટકની કાર્યશાળાઓમાં એટલે કે, થીયેટર વર્કશોપમાં જ જાણવા-શીખવા મળે છે. આવા જ એક ઈન્ટેન્સીવ અને ક્રિયેટીવ થીયેટર વોર્કશૉપનું આયોજન ''ધ અર્થિંગ ગ્રુપ'' દ્વારા ''મોન્સુન થીયેટર સ્કુલ'' અંતર્ગત કરવામાં આવેલ છે.

જેનો પેહલો વર્કશોપ, ૨૨ જુલાઈ થી ૨૯ જુલાઈ ૨૦૧૮ એમ સળંગ ૮ દિવસ સુધી, ઉદગમ ટ્રસ્ટ, સેક્ટર-૮/સી, પ્લોટ નં-૮૧૮, પોલીસ ચોકીની સામે, ગાંધીનગર ખાતે, સાંજે ૬ થી ૧૦ દરમિયાન યોજાશે.

બીજો વર્કશોપ, ૦૧ ઓગસ્ટ થી ૦૮ ઓગસ્ટ ૨૦૧૮, એમ સળંગ ૮ દિવસ સુધી, ગુર્જરવાણી, સેન્ટ. ઝેવિયર્સ કોલેજ કેમ્પસ, ગુજરાત યુનિવર્સીટી નજીક, નવરંગપુરા, અમદાવાદ ખાતે, સાંજે ૬ થી ૧૦ દરમિયાન યોજાશે.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને થીયેટર અને ફિલ્મના જુદા જુદા તજજ્ઞો દ્વારા શીખવાડવામાં આવશે. જેવાકે રાજુ બારોટ (NSD), કમલ જોષી, આશિષ કક્કડ, હર્ષલ વ્યાસ, પ્રફુલ ભાવસાર, વિરલ રાચ્છ, મયંક ઓઝા, ચેતન દૈયા, જીગર બુન્દેલા, વૈશાખ રાઠોડ, આકાશ શાહ, હીના સક્સેના, અર્જુન ભગત (MUSICIAN), સુકમલ મિત્રા (KOLKATA), અનીલ રાઠોડ, પ્રફુલ પંચાલ, (THEATRE THERAPIST), ચિરાગ પારેખ (ART DIRECTOR), પરિધિ શેલત અને અન્ય.

આ વર્કશોપમાં ૧૨ વર્ષથી મોટી ઉમરની કોઈપણ વ્યક્તિ વિના મુલ્યે ભાગ લઈ શકશે અને ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૮૩૨૦૫ ૦૦૪૬૦ અથવા ૯૫૯૧૮ ૯૪૯૬૩ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક સાધવા અથવા ફેસબૂક કે ઈમેઈલથી સંસ્થાને જાણ કરવા જણાવાયું છે. theearthinggroup@gmail.com, www.facebook.com/theearthinggroup